# માતૃભાષા માટે સરકાર આટલું કરશે ?

કોઈપણ વ્યક્તિ કે સમાજના વિકાસ માટે માતૃભાષાનું યોગદાન અનન્ય છે. વ્યક્તિ પોતાના વિચારો અન્ય ભાષા કરતાં માતૃભાષામાં જ સારી રીતે અને સરળતાથી વ્યક્ત કરી શકે છે અને અન્યના વિચારો સરળતાથી સમજી શકે છે. એટલું જ નહીં વ્યક્તિને સ્વપ્ન આવે તો તે પણ તેની માતૃભાષામાં જ હોય છે. માતૃભાષા દ્વારા જ વ્યક્તિ પોતાના વ્યક્તિત્ત્વનો વિકાસ સરળતા અને સહજતાથી કરી શકે છે. કોઈપણ સમાજની સંસ્કૃતિનું સમરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ થતું હોય તો તે માતૃભાષાને કારણે જ થાય છે. માટે તો શાળા-કોલેજોમાં માતૃભાષાના માધ્યમનું દ્વારા જ શિક્ષણ આપવાનો આગ્રહ રાખવામાં આવે છે. શિક્ષણ માટે પ્રાથમિક શાળા પાયો છે. જ્યાં માત્ર માતૃભાષાના માધ્યમ દ્વારા જ શિક્ષણ અપાય તેટલું જ પૂરતું નથી. પરંતુ માતૃભાષાનું શિક્ષણ પણ સારું મળવું જોઈએ. આ ત્યારે જ શક્ય બને જ્યારે માતૃભાષાના શિક્ષકો માતૃભાષાને ચાહનારા અને માતૃભાષાના જ્ઞાતા હોય. પ્રાથમિકકક્ષાએ બાળકોનો માતૃભાષાનો પાયો જો કાચો હશે તો તે ભવિષ્યમાં અન્ય ભાષા પણ સહેલાઈથી શીખી નહીં શકે. માટે જ પ્રાથમિકશાળામાં અન્ય વિષયના શિક્ષકમાં કદાચ નબળાઈ હશે તો જેટલું નુકશાન થશે તેના કરતાં માતૃભાષાનો શિક્ષક જો નબળો હશે તો વધુ નુકશાન થવાનું છે. આજે કોલેજકક્ષાનું શિક્ષણ મોટાભાગે આંતરરાષ્ટ્રીય અંગ્રેજી ભાષાના માધ્યમથી અપાય છે, ત્યારે પ્રાથમિકશાળામાં માતૃભાષાનું શિક્ષણ ગહન અપાય તે જરૂરી છે. આ કામ કરવા માટે પ્રાથમિકશાળામાં માતૃભાષાના સારા શિક્ષકોની ભરતી થાય તે પણ ખૂબ જ જરૂરી છે. પણ આપણી ગુજરાત સરકાર દ્વારા હમણાં લેવાયેલ એક નિર્ણયને કારણે હવે પછી કદાચ માતૃભાષાના શિક્ષકની ભરતી પ્રાથમિકશાળામાં ભાગ્યે જ થઈ શકશે. સરકારના આ નિર્ણયને આપણે જાણીએ.

હમંણાં પ્રાથમિક શાળા માટેના શિક્ષકોની ભરતી માટેની ટેટ પરીક્ષા લેવામાં આવી. તેમાં બધી જ ભાષાના શિક્ષકોની એક જ પરીક્ષા રાખવામાં આવેલી. એટલે કે, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે સંસ્કૃત વિષય ધરાવતા તમામ વિદ્યાર્થીઓ માટે પ્રશ્નપત્ર સમાન હતું. જેમાં ગુણની ફાળવણી એવી રીતે કરવામાં આવેલ છે કે જાણે માત્ર અંગ્રેજી વિષયના શિક્ષકોની જ ભરતી કરવાની હોય અને બાકીના વિષયોની બાદબાકી કરવાની હોય.. આ ગુણની ફાળવણી આ પ્રકારે હતી. અંગ્રેજીના 52 ગુણ, ગુજરાતીના 32 ગુણ, જ્યારે હિન્દી સંસ્કૃતના કુલ 15 ગુણ હતા. બી.એડ્. કોલજોમાં અપાતી વિષય પદ્ધતિને ધ્યાનમાં રાખતા ઓછામાં ઓછા ૯૦% અંગ્રેજીના વિદ્યાર્થીઓની બીજી મેથડ હિન્દી કે સંસ્કૃત હોય છે, જ્યારે ગુજરાતીના ૮૦% જેટલા વિદ્યાર્થીઓની બીજી મેથડ સામાજિક વિજ્ઞાન હોય છે. ઉપરોક્ત મુદ્દાને આધારે ગુણની ગણતરી કરતાં અંગ્રેજીના વિદ્યાર્થી માટે કુલ ૬૭ ગુણ થાય છે, જ્યારે ગુજરાતીના વિદ્યાર્થી માટે માત્ર ૩૨ ગુણ જ થાય છે. આમ ઉપરોક્ત રીતે વિચારતા અંગ્રેજીના તાલીમાર્થીને વધુ ફાયદો થતો હોવાથી “ટેટ”ની પરીક્ષાના પરિણામમાં અન્ય ભાષાઓની સરખામણીમાં અંગ્રેજીના વિદ્યાર્થીને આગળ રહેવાની તક ઇરાદા પૂર્વક આપવામાં આવી છે. જ્યારે માતૃભાષા-ગુજરાતી, રાષ્ટ્રીયભાષા-હિન્દી અને સાંસ્કૃતિક ભાષા-સંસ્કૃતના વિદ્યાર્થીઓની ભરતી પ્રાથમિકશાળામાં ન થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ બાબતની ચકાસણી કરવી હોય તો સરકારે હમણાં જ લીધેલ ટેટ પરીક્ષાનું પરિણામ આવી ગયું છે. તેના આધારે સંશોધન કરી શકાય કે, કઈ ભાષાના કેટલા શિક્ષકો ટેટની પરીક્ષામાં પાસ થયા છે. તેમાં પણ અંગ્રેજી અને ગુજરાતી વિષયના કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા અને કેટલા ટકા વિદ્યાર્થીઓ પાસ થયા ? સાથે એ પણ શોધવાનું થાય કે, અંગ્રેજી ભાષામાં કોલેજકક્ષાએ કેટલું પરિણામ લાવનાર પાસ થયા છે અને ગુજરાતી-હિન્દીમાં કોલેજકક્ષાએ કેટલું પરિણામ હતું તે પાસ થયા છે. આ આંકડાઓ ખૂબ જ મહત્ત્વના છે.

પ્રા.શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં મોટું પ્રમાણ ગ્રામ્ય વિસ્તારનું અને નગરપાલિકા કે કોર્પોરેશનના વિદ્યાર્થીઓનું છે. જ્યારે શહેરમાં અભ્યાસ કરતા બાળકોનું પ્રમાણ ઓછું છે. અને આ ઓછું પ્રમાણ પણ મોટાભાગે ખાનગી શાળામાં જ અભ્યાસ કરે છે. હવે આપણે એ નક્કી કરવાનું થાય કે ગ્રામ્ય વિસ્તારમાં કે કોર્પોરેશનની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને સૌ પ્રથમ રાષ્ટ્રીય બનાવવો છે કે આંતરરાષ્ટ્રીય ? મધ્યમ કે ગરીબ વર્ગના આ વિદ્યાર્થીઓમાંથી તેમને કઇ ભાષાની વધુ પ્રમાણમાં જરૂર પડશે ? ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી? તો ભાષાના શિક્ષકની પસંદગીમાં કયા શિક્ષકની ભરતીને પ્રાધાન્ય આપવું જોઇએ ? મારી દષ્ટિએ સૌ પ્રથમ ગુજરાતી, ત્યારબાદ હિન્દી અને પછી જ અંગ્રેજી અને સંસ્કૃત. પ્રાથમિક શાળામાં અંગ્રેજીને મહ%વ આપવાથી અપવ્યય અને સ્થગિતતામાં વધારો થશે. આ વધારો રોકવા બાળકોને ઓછું આવડતું હશે તો પણ પાસ કરી દેવામાં આવશે. આમ થતાં બાવાના બેય બગડશે. કારણકે બાળક ગુજરાતી કે અંગ્રેજી બંનેમાંથી એકપણ ભાષા પર પ્રભુ‡વ મેળવી નહીં શક્યો હોય. ખાસ બાબત એ છે કે, પ્રાથમિકકક્ષાએ બાળકને માતૃભાષાનું જ્ઞાન આપવાનું હોતું નથી. તેનામાં માતૃભાષાના કૌશલ્યો શ્રવણ, કથન, વાંચન અને લેખન વિકસાવવાના છે. ઉપરાંત માતૃભાષા માટે આદર,માન અને પ્રેમ પણ વિકસાવવાના છે કે જેથી તે બાળક ભવિષ્યમાં મોટું થઇને સમાજમાં પોતાનું ચોક્કસ સ્થાન સ્થાપિત કરી શકે અને માતૃભાષાના વિકાસમાં પોતાનો ફાળો આપી શકે. આ કામ ત્યારે જ શક્ય બની શકે જ્યારે પ્રાથમિકશાળામાં માતૃભાષાના સારા શિક્ષકો હોય. અંગ્રેજીના શિક્ષકોને સ્વાભાવિક છે કે અંગ્રેજી માટે જેટલો પ્રેમ કે આવડત છે તેટલો પ્રેમ કે આવડત ગુજરાતીભાષા માટે ન જ હોય. ત્યારે પ્રાથમિકકક્ષાએ માતૃભાષાનું શિક્ષણ કેવું હશે ?
અત્યારે માતૃભાષાના સંવર્ધન માટે અને માતૃભાષાના માધ્યમ દ્વારા શિક્ષણની નીતિ ગુજરાત સરકારે સ્વીકારી છે. આ માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સમિતિ બનાવીને માતૃભાષાના સંવર્ધન માટે કેટલુંક કામ પણ થઇ રહ્યું છે, ત્યારે તેનાથી વિપરિત નીતિ પ્રાથમિક શાળામાં અપનાવવાથી પ્રાથમિક શાળામાં બાળકોનું માતૃભાષાનું શિક્ષણ નબળું રહેશે, જેને સુધારવાનું કામ માધ્યમિક કક્ષાએ કરવાનું રહેશે. આમ પહેલાં બગાડવાનું પછી સુધારવાનુ ? પારંગતતાની વાત તો ભૂલાઇ જ જવાની ને ? દુ:ખ તો એ બાબતનું છે કે, યુનેસ્કોએ ભવિષ્યમાં ઝડપથી લુપ્ત થતી ભાષાઓની યાદી બહાર પાડી છે. જેમાં ગુજરાતી ભાષાનો પણ સમાવેશ કરેલ છે. આપણી માતૃભાષાની ચિંતા યુનેસ્કો કરી રહયું છે, ત્યારે આપણી ગુજરાત સરકાર તે ગુજરાતી ભાષા ઝડપથી લુપ્ત થાય તેવા પ્રયત્નો કરી રહી છે. આનાથી વધારે દુ:ખ કોઇપણ ગુજરાતી માટે કયું હોઇ શકે ? હજું સમય વિતી નથી ગયો, પ્રાથમિકશાળામાં શિક્ષકોની ભરતી માટે ચોક્કસ ધોરણો અપનાવીને ગુજરાતી ભાષાને બચાવી શકાય તેમ છે, તેમ જ પ્રાથમિકશાળામાં માતૃભાષાનું સારું શિક્ષણ આપી શકાય તેમ છે. પ્રાથમિકશાળામાં માતૃભાષા માટે ચોક્કસ નિર્ણય લેવામાં નહીં આવે તો તેના પરિણામો આજે નહીં પણ ત્રીસ-ચાલીસ વર્ષ પછી જોવા મળશે. જેને ગુજરાત માટે પ્રેમ હોય, તેને ગુજરાતી માટે પ્રેમ હોય જ. આ લેખ વાંચ્યા પછી થયેલા પ્રયત્નોને આધારે સૌને જાણવા-જોવા મળશે કે કોને ગુજરાત અને ગુજરાતી માટે કેટલો પ્રેમ છે ?

**Email: dr.ashokpatel@in.com**